ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર ઈન કેરોસીન
યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં
ચાલુ બાબતે વહીવટી મંજૂરી.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ-કસન/૧૦૨૦૧૮/૮૪૮/બ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો.વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૪/૨૦૧૯

ઠરાવઃ-

કેન્દ્ર સરકારની "ડાયરેકટ બેનિફિટ ટ્રાંસફર ઈન કેરોસિન યોજના" હેઠળ કેરોસિનમાં સ્વૈચ્છિક કાપ મૂકવાની રાજય સરકારની દરખાસ્ત અન્વયે રાજય સરકારને કેશ ઈન્સેન્ટિવ મળવાપાત્ર છે. ભારત સરકાર દ્વારાં આ અંગેની ગ્રાંટ ફાળવવામાં આવે તો અને નાણાં વિભાગની પૂર્વમંજૂરી મેળવી ખર્ચ કરવાના હેતુથી ટેબલમાં દર્શાવેલ બજેટ સદરમાં રૂ. ૦૦.૧૦ લાખની (અંકે રૂ. દસ હજાર)ની ચાલુ બાબત માટે ટોકન જોગવાઈ કરાવેલ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | અંદાજ સદર | સને ૨૦૧૯-૨૦ ની જોગવાઈ |
|---|---|---|
| (૧) | **માંગણી ક્રમાંકઃ ૨૨-૩૪૫૬-૦૦-૧૯૦-૧૫**<br>**ડાયરેકટ બેનીફિટ ટ્રાંસફર ઈન કેરોસિન યોજના** | ૦૦.૧૦ (રૂ. દસ હજાર) |

કેન્દ્ર સરકારની "ડાયરેકટ બેનિફિટ ટ્રાંસફર ઈન કેરોસિન યોજના" માટેની ૦૦.૧૦ લાખ(અંકે રૂ. દસ હજારની)ની જોગવાઈને નીચે જણાવેલ શરતોને અધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો, ધારાધોરણો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અને તા. ૮/૭/૨૦૧૧ના ઠરાવક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાંશે નહીં.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) નિયમિત સમયે, ખર્ચ- વપરાશનાં પ્રમાણપત્ર સરકારશ્રીને રજૂ કરવાનાં રહેશે.

(૧૦) આ યોજના માટે નિયત કરવામાં આવેલ લક્ષ્યાંકો અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

(૧૧) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રર્વતમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૩/૪/૨૦૧૯ની યુ.ઓ. નોંધક્રમાંક-૧૧ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અચલ સોની)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, બ્લોક નં. ૧૪/૫, સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, બ્લોક નં.૧૪/૬, સચિવાલય,ગાંધીનગર

(૩) નાણાં સલાહકારશ્રી (અ.ના.પુ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.

(૬) સિલેક્ટ ફાઇલ

(૭) સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવની નકલ ઓનલાઈન મૂકવા સારૂં.)